આસપાસ ચોપાસ



120 વર્ષનો શૈક્ષણિક વારસો: માટીની ભીંતોથી સ્માર્ટ બોર્ડ સુધી શાળાની સફર









અંગ્રેજ શાસનકાળ દરમિયાન તા.31 જાન્યુઆરી-1906ના રોજ કંટવા ગામે અક્ષરજ્ઞાન આપવાના ઉદ્દેશ સાથે ઉચ્ચતર પ્રાથમિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે વાંસ અને માટીની ભીંતોથી બનેલા ઓરડામાં અભ્યાસ શરૂ થયો હતો. આ શાળાએ દેશની આઝાદીનો સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. આઝાદી બાદ દ્વિભાષી મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ પડ્યું, ત્યારે પણ આ શાળામાં શિક્ષણનું કાર્ય નિરંતર ચાલુ રહ્યું હતું. આ પ્રાથમિક શાળા આજે 120 વર્ષ બાદ ડિજિટલ યુગમાં પ્રવેશ કરી ચૂકી છે. આજે અહીંનાં બાળકો ડિજિટલ માધ્યમોથી અભ્યાસ કરે છે. હાલમાં આ શાળામાં બાળવાટિકાથી લઈને ધોરણ-8 સુધીના કુલ 142 વિદ્યાર્થી અભ્યાસ કરે છે. શાળામાં કુલ 10 અદ્યતન રૂમ ઉપલબ્ધ છે, જ્યાં બાળકો હોંશભેર અભ્યાસ માટે આવે છે. આ શાળાની સૌથી મોટી વિશેષતા એ છે કે, ધોરણ-6, 7 અને 8ના વિદ્યાર્થીઓ સ્માર્ટ બોર્ડ પર અભ્યાસ કરે છે. આટલું જ નહીં, કેટલાક વિદ્યાર્થીઓ તો જાતે જ સ્માર્ટ બોર્ડ ઓપરેટ કરી શકે છે, જે તેમની ટેક્નોલોજીકલ કુશળતા દર્શાવે છે. શાળાનાં મુખ્ય શિક્ષિકા વિભૂતિબેન મહિડા સહિત કુલ 6 શિક્ષકનો સ્ટાફ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. ઉપરાંત શાળાને હરિયાળી બનાવવાના ઉદ્દેશ સાથે ઈકો ક્લબ દ્વારા વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ પણ નિયમિતપણે હાથ ધરવામાં આવે છે.



શ્રી સાર્વજનિક કેળવણી મંડળ કંટવા (શ્રી એલ.બી. શાહ હાઈસ્કૂલ સંચાલિત સંસ્થા)ના હોદ્દેદારો

» **પ્રમુખ**-ચંદુલાલ લાલચંદ્ર શાહ » **ઉપપ્રમુખ**-અશ્વિનસિંહ ગેમલસિંહ મોરથાણા » **મંત્રી**-યુવરાજસિંહ પ્રવીણસિંહ વરાછીયા » **સહમંત્રી**-દિગ્વિજયસિંહ ખુમાનસિંહ વરાછીયા » **સભ્ય**-સતીશકુમાર નરપતસિંહ જાદવ » જીતેન્દ્રસિંહ રામસિંહ જાદવ » દિલીપસિંહ દીપસિંહ વરાછીયા » ધવલસિંહ અરવિંદસિંહ વરાછીયા » રાકેશકુમાર.સી.શાહ » વિજયભાઈ છીતુભાઈ પટેલ

આયુર્વેદ દવાખાનું: પ્રકૃતિ અને આરોગ્યનો સંગમ



આયુર્વેદ એ ભારતની પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે, જે માનવીને પ્રકૃતિ સાથે જોડીને સ્વસ્થ જીવન જીવવાની સમજ આપે છે. વર્ષ 1977-78માં કંટવા ગામે એક સામાન્ય ઓરડીમાં આયુર્વેદ દવાખાનાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. થોડા સમયમાં જ ગામમાં 405 ચોરસ ફૂટમાં દવાખાનું બનાવવામાં આવ્યું. આ દવાખાનામાં ઉપલબ્ધ ઔષધીઓમાં એટલી ત્રેવડ છે કે ભલભલા રોગો પણ મટાડી શકાય છે. આજે આ દવાખાને પ્રકૃતિ પરીક્ષણ અને સુવર્ણ પ્રાશન જેવી આયુર્વેદિક સેવાઓ માટે દર્દીઓ અહીં આવે છે. છેલ્લાં સાત વર્ષથી 43 વર્ષીય ડો.સંજયકુમાર કાઝાવદરાએ દર્દીઓને સારવાર આપવા સાથે દવાખાનાના પરિસરમાં હર્બલ ગાર્ડનનું નિર્માણ કર્યું છે. આ ગાર્ડનમાં 33 જેટલા ઔષધિય છોડ વાવવામાં આવ્યા છે, જેમાં તુલસી, અરડુસી, સતાવરી, પથ્થર ફાડ, ડમરો સહિતના છોડનો સમાવેશ થાય છે. આ આયુર્વેદ દવાખાનામાં આંગણવાડીનાં બાળકો, શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ હર્બલ ગાર્ડન જોવા માટે આવે છે. તેમની સાથે આરોગ્યવિષયક સંવાદ થાય છે, યોગની સમજણ આપવામાં આવે છે. ડો.સંજયકુમાર કાઝાવદરાએ જણાવ્યું છે કે, 21મી જૂને વિશ્વ યોગ દિવસ ઉજવાય છે તેમ 23મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ઉજવાય છે. વિશ્વભરમાં માનવી સ્વસ્થ રહે એ માટે ભવિષ્યમાં આયુર્વેદની જરૂર પડશે. આજની સાંપ્રત સ્થિતિમાં માનવીઓમાં બેઠાડું જીવનશૈલીને કારણે કોલેસ્ટ્રોલ, બીપી, સુગર જેવા રોગો ઘર કરી ગયા છે. તેના નિદાન માટે આયુર્વેદના સિદ્ધાંતોનો યોગ્ય રીતે ઉપયોગ કરીને નિરોગી રહી શકાય છે.



મોરનાં ઈંડાંને ચીતરવા ન પડે: યુવા લોકગાયક સાર્થકસિંહ દેલાડાના કંઠે ગાયકીનો વારસો

ગુજરાતીમાં એક કહેવત છે કે, મોરનાં ઈંડાંને ચીતરવા ન પડે. આ કહેવત સાચી ઠેરવતા કંટવા ગામના 22 વર્ષીય લોક ગાયક કલાકાર સાર્થકસિંહ હરેન્દ્રસિંહ દેલાડા તેમના કંઠે ગાયકીનો વારસો ધરાવે છે.સાર્થકસિંહે લગભગ ચાર વર્ષથી તેમના રંગ અવધૂતપ્રેમી દાદા દોલતસિંહ દેલાડા સાથે દત્તબાવની ગાવાની શરૂઆત કરી હતી. તેમના દાદા કહે છે, અમે ઘરમાં દત્તબાવની ગાઈએ ત્યારે બાળપણમાં સાર્થક પણ દત્તબાવની ગાતો થઈ ગયો. તે સમયે રંગ અવધૂત બાપજીને માનનારા સંતોએ બાળ સાર્થકને ગાતા જોઈને છૂપાં આશીર્વાદ આપ્યાં હતાં. જગદીશાનંદજીએ પણ તેમને સાથે બેસાડીને દત્તબાવની ગવડાવી હતી. હાલ 22 વર્ષના સાર્થકસિંહે બે વર્ષથી ઘણી જગ્યાએ ભજન-લોકડાયરો ગાવાનું શરૂ કર્યું છે. તેઓ લોકગીત, હિન્દી ગીતો અને ગઝલો માટે જમાવટ કરીને વાતાવરણ બનાવે છે. તેમની ગાયકીમાં લોકસંગીતની મીઠાસ અને ભક્તિનો ભાવ એકસાથે જોવા મળે છે. ગાયક સાર્થકસિંહ કહે છે, બાળપણથી આજુબાજુના વિસ્તારમાં લોકોએ પ્રેમ વરસાવ્યો છે. આવનારા દિવસમાં આગળ વધીને ગામનું નામ વધારવાની ઈચ્છા છે. તેમની આ નિષ્ઠા અને સમર્પણ યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. સાર્થકસિંહ દેલાડાની ગાયકી એ વારસાગત કળાનું ઉત્તમ ઉદાહરણ છે. દાદાની છત્રછાયા હેઠળ શરૂ થયેલી આ સંગીતયાત્રા આજે લોકડાયરા સુધી પહોંચી છે.

શ્રી એલ.બી.શાહ વિનય વિદ્યામંદિર





કંટવા ગામે જ્યાં છ દાયકા પહેલાં માત્ર 21 બાળકથી શરૂ થયેલી શાળા આજે સ્માર્ટ બોર્ડ, કોમ્પ્યુટર લેબ અને CCTVથી સજ્જ એક આધુનિક વિદ્યામંદિર બની ગઈ છે. છ દાયકા પહેલાં કંટવા ગામના લગભગ 21 બાળક રોજના 15 કિલોમીટર પગદંડી કાપી વેલાછા ગામે વિનય વિદ્યામંદિરમાં ભણવા જવા મજબૂર હતાં. લાંબું અંતર કાપવું એ એક સમસ્યા હતી, પણ તેનાથી પણ મોટી સમસ્યા એ હતી કે ગામની દીકરીઓ ભણવા જતી ન હતી. એ વખતે વડવાઓ પૈકી સ્વ.ગણપતસિંહ અભેસિંહ જાદવ, સ્વ.ધીરજસિંહ અનોપસિંહ જાદવ, સ્વ.દીપસિંહ ઉમેદસિંહ વરાછીયા અને સ્વ.બાધરસિંહ (ઉર્ફે નાગજીદાદા) રામસિંહ વરાછીયા સહિતના વડવાઓને ગામની દીકરીઓને કન્યા કેળવણીથી શિક્ષણ મળે એવી લાગણી જાગી હતી. આ લાગણીને કારણે જ માધ્યમિક શાળા લાવવાનો સંકલ્પ થયો, પણ બાળકોને ભણવા માટે ઓરડાની ચિંતા હતી. જેથી ગામની દીકરીઓ સાથે દીકરા ભણે એ માટે સ્વ.ગણપતસિંહ અભેસિંહ જાદવે પોતાનું ઘર હાઈસ્કૂલ માટે આપી દીધું હતું. તા.15મી જૂન-1970માં પહેલા ધોરણ-8 માટે વેલાછાના પેટા વિભાગ તરીકે શારદા વિનય વિદ્યામંદિર, કંટવાની સ્થાપના થઈ. એ સમયે ઓરડા ખરા, પણ કાચા મકાનોમાં બેસવું પડતું હતું. છતાં બાળકોને અભ્યાસમાં રસ હતો. શરૂઆતમાં ક્રમશઃ ધોરણ 9, 10 અને ધોરણ-11 બોર્ડ શરૂ કરવામાં આવ્યું. એ વખતે સ્વ.દીપસિંહ ઉમેદસિંહ વરાછીયાએ કંટવા ગામે દીણોદ જવાના રોડ ટચ એક એકર ભૂમિ દાન કરી. તેમને ગામનું બાળક ગામમાં જ ભણે એવી લાગણી હતી. સમયાંતરે કંટવા ગામના સ્વ.લાલજી ભીમાજી શાહને પોતાના ગામમાં વિદ્યાધામ બને એવી લાગણી થઈ, જેથી હાઈસ્કૂલ શરૂ થયાના પાંચેક વર્ષમાં રૂ.30 હજારના ખર્ચે ચારેક રૂમ બનાવી આપ્યા હતા. ગ્રામજનોની લાગણીને લઈને શાળાનું નામ શ્રી એલ.બી.શાહ વિનય વિદ્યામંદિર, કંટવા રાખવામાં આવ્યું હતું. શાહ પરિવાર માટે માતૃભૂમિ ભલે કંટવા હોય, પણ બહાર ગામ જઈને તેમના સમૃદ્ધ પરિવારે તિજોરી ખોલીને ખુલ્લા હાથે મદદ કરી છે. તેમના પરિવારના શાંતાબેન ફૂલચંદ સુંદશાએ પણ હાલમાં 4 રૂમ લાખોના ખર્ચે બનાવીને દાન કર્યા છે. સમયાંતરે આ વિદ્યામંદિરમાં વર્ષ 2012-13માં ધોરણ-11 અને 12ની શરૂઆત કરવામાં આવી હતી. આજે કંટવા સહિત આજુબાજુનાં નવ ગામમાંથી આવતા વિદ્યાર્થીઓ ધોરણ-9થી 12માં અભ્યાસ કરે છે. આજે આ વિદ્યામંદિરમાં પાંચ ડિજિટલ સ્માર્ટ બોર્ડ અને એક પ્રોજેક્ટર પણ છે, તેમજ 25 કોમ્પ્યુટર રૂમ આવેલા છે. આખું પરિસર CCTV કેમેરાથી સજ્જ છે. આ વિદ્યામંદિરમાં કુલ 6 જણાનો સ્ટાફ છે. આ વિદ્યામંદિરના ઈનચાર્જ પ્રિન્સિપાલ 50 ઈમરાન ગુલામ મોહંમદ મલેકનું માનવું છે કે, છેલ્લાં પાંચ વર્ષમાં ધોરણ-10 અને ધોરણ-12 બોર્ડની પરીક્ષામાં 80 ટકા પરિણામ આવે છે. છ દાયકા પહેલાં જે શાળા માત્ર 21 બાળકથી શરૂ થઈ હતી, તે આજે નવ ગામના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનનું કેન્દ્ર બની ગઈ છે. આ સંસ્થાની સફળતા એ દાન, સમર્પણ અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાનું જીવંત ઉદાહરણ છે.

શિક્ષણને સમર્પિત ચંદુલાલ શાહ



વડવાઓ દ્વારા શિક્ષણની ધૂણી ધખાવી હોય ત્યારે નવી પેઢીમાં આકાશ ઊડવાનો અવકાશ મળતો હોય છે. આ ઉક્તિને સાર્થક કરતા 84 વર્ષીય ચંદુલાલ લાલચંદ્ર શાહ આજે પણ શિક્ષણ ઉત્થાનના કામે નિરંતર સક્રિય છે. મૂળ માદરે વતન કંટવા અને હાલ નવસારીમાં રહેતા ચંદુલાલભાઈએ પોતાના પિતાના આદર્શોને અનુસરીને ગામની ભલાઈ માટે કાર્ય કર્યું છે, ઘણા દાયકાઓ પહેલા કંટવા ગામથી લાંબા અંતરે પગદંડી ચાલીને અભ્યાસ કરવા જવું પડતું હતું. તે સમયે ગામમાં શિક્ષણની સુવિધાઓ મર્યાદિત હતી. આ સ્થિતિને જોઈને ગામના રાજપૂત વડવાઓએ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો કે ગામની દીકરીઓ ગામમાં જ ભણી શકે એ માટે હાઈસ્કૂલની સ્થાપના કરવી. જોકે, તે સમયે જમીન તો મળી ગઈ, પરંતુ અભ્યાસ માટે ઓરડાઓનો અભાવ હતો. આ સમયે પરિવારના ગર્ભશ્રીમંત શાંતાબેન ફૂલચંદ સુંદશાએ દાનની ઝોળી ખોલીને ચાર રૂમો બનાવી આપ્યા હતા. ત્યારબાદ ખુલ્લા હાથે શૈક્ષણિક દાન આપવાની પરંપરા આગળ વધી હતી. આ પરિવાર ભલે ગામ બહાર રહેતો થયો, પણ ગામની ધૂળ નિરંતર યાદ આવતી રહી. આ ભાવનાને લઈને ગામમાં પીવાના શુદ્ધ પાણીની પરબ મૂકવામાં આવી. આ ઉપરાંત, કુલર તેમજ હાઈસ્કૂલના પરિસરમાં સુરક્ષા માટે કેમેરા મૂકવામાં આવ્યા છે.

રાજેન્દ્રસિંહ વરાછીયાનું ઓર્ગેનિક ખેતી થકી પ્રેરણાદાયી પગલું



કંટવા ગામે રહેતા 64 વર્ષીય રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ વરાછીયાએ આ દિશામાં એક પ્રેરણાદાયી પગલું ભર્યું છે. રાજેન્દ્રસિંહ વરાછીયા મૂળભૂત રીતે શેરડીની ખેતી કરતા હતા. પરંતુ પાંજરોલી ગામે જઈને ઓર્ગેનિક ખેતીની મુલાકાત લીધા બાદ તેમના મનમાં એક નવો વિચાર જાગ્યો હતો. ત્યારથી તેમણે ઓર્ગેનિક પાક લેવાનું શરૂ કરી દીધું હતું. આજે તેઓ શેરડી સાથે હળદરનો પાક પણ બનાવી રહ્યા છે. હળદરના પાક માટે જીવામૃતનો છંટકાવ એ શ્રેષ્ઠ ઉપાય છે. રાસાયણિક ખાતર કે દવાનો કોઈપણ પ્રકારનો ઉપયોગ કર્યા વિના તંદુરસ્ત હળદરનું ઉત્પાદન થાય છે. જીવામૃત એ ગાયના ગોબર, ગૌમૂત્ર અને ગોળ જેવા પ્રાકૃતિક ઘટકોથી બનતું દ્રાવણ છે. આ તમામ ખર્ચ બાદ એક એકરમાંથી રૂ.1.65 લાખની આવક મળે છે. ખેડૂત રાજેન્દ્રસિંહ વરાછીયાએ જણાવ્યું હતું કે, ઓર્ગેનિક ખેતી દ્વારા ન માત્ર સારી આવક મેળવી શકાય છે, પરંતુ સ્વાસ્થ્યપ્રદ અને પર્યાવરણમૈત્રી ઉત્પાદન પણ કરી શકાય છે.

ધવલસિંહ વરાછીયા: નાની ઉંમરે મોટી જવાબદારી



યુવાની એ ઊર્જા, ઉત્સાહ અને નિષ્ઠાનો સંગમ છે. જ્યારે કોઈ યુવાનને જવાબદારી મળે, ત્યારે તે પોતાની પૂરી શક્તિ અને ખંતથી તેને નિભાવે છે. આવો જ એક યુવા સિતારો છે ધવલસિંહ અરવિંદસિંહ વરાછીયા. જેઓ કંટવા ગામના વતની છે અને આજે પંડવાઈ સુગરમાં ડિરેક્ટર તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે. 42 વર્ષીય ધવલસિંહે વાલિયા ખાતે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવ્યા બાદ ભરૂચની એમ.કે. કોમર્સ કોલેજમાંથી વાણિજ્ય ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ નર્મદા કોલેજમાં મટિરિયલ મેનેજમેન્ટ વિષયમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. ધવલસિંહના પિતાજી અરવિંદસિંહ વરાછીયા પણ વ્યવહારુ વ્યક્તિત્વના ધણી હતા અને ગણેશ સુગરમાં ડિરેક્ટર તરીકે ફરજ બજાવી હતી. દુર્ભાગ્યે તેમનું અકાળે અવસાન થતાં ધવલસિંહે નાની ઉમરે જ ગણેશ સુગરના ડિરેક્ટર તરીકેની જવાબદારી સંભાળી હતી. આજે તેઓ પંડવાઈ સુગર ફેક્ટરીમાં ડિરેક્ટર તરીકે અવિરત સેવા આપી રહ્યા છે. વર્ષ-2003થી યુવા ભાજપ કારોબારી સભ્ય તરીકે સક્રિય કાર્યકર રહેલા ધવલસિંહ સામાજિક પ્રવૃત્તિઓમાં પણ કાર્ય કરી રહ્યા છે. હાલમાં પંડવાઈ સુગરની ચૂંટણીમાં ઈશ્વરસિંહ પટેલની પેનલમાં તેઓ બિનહરીફ વરાયા છે. ડો.સંજયકુમાર કાઝાવદરાએ જણાવ્યું છે કે, 21મી જૂને વિશ્વ યોગ દિવસ ઉજવાય છે તેમ 23મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ઉજવાય છે. વિશ્વભરમાં માનવી સ્વસ્થ રહે એ માટે ભવિષ્યમાં આયુર્વેદની જરૂર પડશે. આજની સાંપ્રત સ્થિતિમાં માનવીઓમાં બેઠાડું જીવનશૈલીને કારણે કોલેસ્ટ્રોલ, બીપી, સુગર જેવા રોગો ઘર કરી ગયા છે. તેના નિદાન માટે આયુર્વેદના સિદ્ધાંતોનો યોગ્ય રીતે ઉપયોગ કરીને નિરોગી રહી શકાય છે.

(માહિતી સંકલન અને તસવીરઃ વિરેન્દ્રસિંહ અટોદરીયા, ભરૂચ)